જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૪/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૯/૧૪**

**વટવા પો.સ્ટે. :-**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૧૩૪/૨૦૧૪ ધી ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામના આરોપી આસિફખાન ઉર્ફે ગાડી ફરિદખાન પઠાણ ઉવ- ૨૨ રહે- સોનીનુ ખેતર ગેટ નં-૨ સુફીનગર ઇસનપુર પો.સ્ટે સામે ઇસનપુર અ'વાદ નાને ઉપરોક્ત ગુનામાં સીની.પો.ઇન્સ. શ્રી એચ.જે.ચૌધારી નાઓએ તારીખ ૨૬/૪/૧૪ ના ક્લાક ૦૦/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે હાલમાં તપાસ ચાલુ છે.

**ક્રાઈમ બ્રાન્ચ :-**

અમદાવાદ શહેરમાં એ.એમ.ટી.એસ.બસો તથા ભીડભાડ વાળી જગ્યાએ લોકોના ખીસ્સા પાકીટની ચોરી થવાના બનાવો બનવા પામતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૪/૪/૨૦૧૪ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓ તેઓની ટીમના પો.સ.ઈ.શ્રી બી.આર.પરમાર તથા પો.સ.ઈ.શ્રી વી.એચ.જાડેજા તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન આસ્ટોડીયા દરવાજા ખાતે આવતા સાથેના એલઆરડી અનીલકુમાર પ્રવિણભાઈનાઓની ચોક્કસ બાતમી હકીકત આધારે આવા પ્રકારના ગુન્હાઓ કરવાની એમ.ઓ વાળા ચાર ઈસમોને તેઓના કબ્જાની મારુતી ઝેન કાર તથા મોબાઈલ ફોન નંગ-૪ તથા રોકડ રકમ રૂ.૨૪૨૦૦/- મળી કુલ્લે રૂ.૧૫૩૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લીધેલ. જેમાં (૧) મુકેશભાઈ ભીખાભાઈ રાઠોડ (મારવાડી) ઉ.વ. ૩૦ રહે. નોબલનગર ખોડીયારનગરના છાપરા સરદારનગર અમદાવાદ (૨) કિશન મુરાજી  ભાટી (મારવાડી) ઉ.વ. ૪૦ રહે. સંતોષીનગર કાચા છાપરા મહાકાળી માતાના મંદિરની બાજુમાં કુબેરનગર અ'વાદ (૩) ડાહ્યાભાઈ ખીમજીભાઈ સોલંકી (મારવાડી) ઉ.વ. ૪૫ રહે નોબલનગર અંબિકાનગરના છાપરા સરદારનગર અ'વાદ તથા (૪) અનિલ નાનેકરામ કુકરેજા ઉ.વ. ૪૭ રહે. સંતોષીનગર કાચા છાપરા મહાકાળી માતાના મંદિરની બાજુમાં કુબેરનગર અમદાવાદ શહેર નાઓના કબ્જાનો ઉપરોક્ત મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર પકડાયેલ આરોપીઓને પુછપરછ કરતા તેઓ હાલમાં લોકસભાની ચુંટણીઓ ચાલી રહેલ હોય અમદાવાદ શહેર તથા ગુજરાતના બીજા શહેરો માં લોકસભાના ઉમેદવારોના ચુટણી પ્રચાર અંગેના સમારંભોમા લોકોની ઘણીજ ભીડ થતી હોય છેલ્લા એક મહીનાથી આવા ચુટણી સમારંભો વાળી જગ્યાઓએ પોતાના કબ્જાની મારુતી ઝેન કાર નં-જીજે-૧ એચ.બી.૪૧૪૮ લઈને જતા હોવાનુ અને ચુટણી સમારંભો વાળી જગ્યાને ટાર્ગેટ બનાવી ભીડનો લાભ લઈ લોકોના ખીસ્સા પાકીટની ચોરીઓ કરતા હોવાનુ જણાવેલ છે. જેમાં પચ્ચીસેક દિવસ પહેલા ચારેય જણા મારૂતી જેન લઈને મહેસાણા ખાતે ગયેલ અને કોંગ્રેસના ઉમેદવારના ચુંટણી પ્રચાર દરમ્યાન એક માણસના ખિસ્સામાંથી રોકડા રૂપિયા અઠ્ઠાવીસ હજારની ચોરી કરેલ જેમાંથી થોડા રુપીયા તમામે વાપરેલ જ્યારી રૂ.અઢાર હજાર જેટલી રકમ પોતાના કબ્જામાં રાખેલ તેમજ થોડા દિવસ પહેલા વડોદરા ચારેય જણા કાર લઈને ગયેલ જ્યા ભાજપના પ્રોગ્રામ દરમ્યાન ચારેય જણાએ મળી પબ્લીકના માણસોના ખિસ્સામાં હાથ નાખી પાંચ-છ જેટલા પર્સ ની ચોરી કરેલ. જેમાંથી આશરે રૂપિયા બારેક હજાર જેટલી રકમ મળેલી. જે રકમમાંથી અડધી રકમ તેઓએ વહેંચી લીધેલ અને તે પૈકી રૂ.૬,૨૦૦/- ની રકમ વધેલ જે બંન્ને ચોરીઓમાંથી મળેલ રૂ.૨૪૨૦૦/-ની રકમ તેઓ પાસેથી મળેલ તે હોવાનુ આરોપીઓ જણાવેલ છે. જે આરોપીઓએ કરેલ કબુલાત આધારે તપાસ કરતા નિચે મુજબના ગુન્હાઓ ડીટેકટ થવા પામેલ છે.

(૧) મહેસાણા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં ૫૯/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૭૯

(૨) રાવપુરા પો.સ્ટે. વડોદરા ફર્સ્ટ ગુ.ર.નં. ૫૦/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૭૯

આ સિવાય આરોપીઓએ ખોડીયારનગર રોડ અમદાવાદ ખાતે ભા.જ.પ.ના ચુંટણી પ્રચાર વખતે તેમજ કલોલ ખાતે ભા.જ.પ.ની સભા વખતે પાકિટની ચોરીઓ કરેલ પરંતુ કોઈ રકમ મળેલ નહી હોવાનુ તેમજ પ્રાતિજ ખાતે એક ચુંટણીની સભા વખતે ચોરી કરવા ગયેલ પરંતુ ભીડ ઓછી હોય ચોરી કરી શકેલ નહી તેવી હકીકત આરોપીઓએ કબુલેલ છે જે આધારે આગળની વધુ તપાસ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ ચલાવી રહેલ છે.

## <u>આરોપીઓની એમ.ઓ</u>

આરોપીઓ અમદાવાદ શહેરમાં એ.એમ.ટી.એસ.ની બસોમાં તેમજ હાલમાં આજુબાજુના શહેરોમાં ચુંટણી સમારંભોમાં ભીડભાડ વાળી જગ્યાએ જઈ આવી ભીડનો લાભ ઉઠાવી લોકોના ખીસ્સા પાકીટની તડફંચી કરી ત્યાંથી પોતાની મારૂતી જેન મારફત તાત્કાલીક જગ્યા છોડી દેવાની એમ.ઓ. ધરાવે છે.

## <u>આરોપીનો ગુનાહીત ઈતિહાસ:-</u>

(૧) આરોપી મુકેશભાઈ ભીખાભાઈ રાઠોડ નાનો અગાઉ ત્રણ ચાર વર્ષ પહેલા સરદારનગર પોલીસ સ્ટેશનમાં દારૂના એક કેસમાં પકડાઈ ચુકેલ છે.

(૨) કિશન મુરાજી ભાટી છેલ્લા ચાર પાંચ વર્ષમાં કાલુપુર તથા વસ્ત્રાપુર પો.સ્ટે.માં પર્સ ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલ છે.

(૩) ડાહ્યાભાઈ ખીમજીભાઈ સોલંકી નાનો છેલ્લા દશેક વર્ષથી ખિસ્સામાંથી પાકિટ ચોરી કરવાનુ કામ કરે છે અને બે વખત સરદારનગર પો.સ્ટે., તથા નવરંગપુરા અને કાલુપુર પોલીસ સ્ટેશનના પર્સ ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.